# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org


<u>અખબારીયાદી</u>

તા: ૨૩/૦૫/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા.૨૨ મે WORLD BIODIVERSITY DAY ની ઉજવણી નિમિતે યોજાયેલ વિવિધ કાર્યક્રમો

તા. ૨૨ **મે** ના દિવસને **WORLD BIODIVERSITY DAY (વિશ્વ જૈવવિવિધતા દિવસ)** તરીકે ઉજવવામાં આવે છે. જેના અનુંસંધાને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા તા. ૨૧ મે, ગુરુવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે વિવિધલક્ષી મહિલા મંડળ, વિદ્યાનગર, ભાવનગર ખાતે બહેનો માટે જૈવવિવિધતાના વિષય પર વકતવ્ય યોજવામાં આવેલ.

જેમાં તજજ્ઞ શ્રી રાજેશભાઈ ત્રિવેદી(પર્યાવરણ વિદ)એ પોતાના વકતવ્યમાં જૈવ વિવિધતાનું મહત્વ સમજાવતા જણાવેલ કે પર્યાવરણના સંરક્ષણમાં પશુ–પક્ષીઓ અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષોને કાપવાથી સમગ્ર સજીવ સૃષ્ટિને નુકશાન થાય છે. પક્ષીઓના રહેઠાણ નાશ પામે છે. **<u>પક્ષીઓ એ આપણું સાચું ઘરેણું છે તો વૃક્ષો લોજીંગ અને હોટલ પૂરી પાડે છે</u>**. વૃક્ષોમાંથી મળી આવતી મુલ્યવાન ઔષધિઓ માનવજીવન માટે અમૂલ્ય છે. વૃક્ષો અને પશુ–પક્ષીઓના સંરક્ષણ માટે તેને રાષ્ટ્રીય સંપતિ તરીકે જાહેર કરવામાં આવે છે.

તા. ૨૩ મે શનિવારના રોજ સવારના ૭ થી ૧૧ના સમય દરમિયાન આંગણવાડી બહેનોને વિકટોરીયા પાર્કની મુલાકાત કરાવેલ. આ મુલાકાત દરમિયાન તજજ્ઞ શ્રી રાજેશભાઈ ત્રિવેદીએ સમજાવેલ કે વિકટોરીયા પાર્કમાં કુલ ૨૬૧ જાતની વનસ્પતિઓ છે. તેમજ વિવિધ ઔષધિય વનસ્પતિઓ, અન્ય વનસ્પતિઓ તેમજ પશુપક્ષીઓ તાદ્રશ્ય બતાવીને વિસ્તૃત માહિતી આપેલ. આ જૈવ વિવિધતા દિવસની ઉજવણીમાં ૬૦ આંગણવાડી કાર્યકર્તા બહેનોએ ભાગ લીધેલ. કાર્યક્રમની સફળતા માટે લોકવિજ્ઞાન કેન્દ્રની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન સંસ્થાના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડે આપેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.